**<u>શ્રી આઈ.જે.મકવાણા, એકસ ઓફીસીઓ કમિશનર ફોર ધી વ.કો.એકટ, લેબર કોર્ટ, દાહોદ સમક્ષ</u>**

નવો વ.કો.(ફેટલ) અરજી નં. ૨૮૦/૨૦૦૮
( જુનો વ.કો.(ફેટલ) અરજી નં.૬૭/૨૦૦૭)

**અરજદાર :** (૧) ખાપરભાઈ મગનભાઈ સંગાડા
રહે. ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ
C/O દાહોદ જિલ્લા જનરલ કામદાર યુનિયન, દાહોદ

**વિરૂદ્ધ**

**સામાવાળા :** (૧) નાયબ વન સંરક્ષકશ્રી,
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સંશોધન વિભાગ
અક્ષરધામની સામે,જ, ૬ા રોડ, ગાંધીનગર

(૨) ગુજરાત સરકારશ્રી,
કલેકટરશ્રીની કચેરી,ગાંધીનગર

**પ્રતિનિધિત્વઃ–** અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.પી.ધાનેકર
સામાવાળા તરફે વિ.વ.શ્રી જે.આર.લાલપુરવાલા

**–: ચુકાદો :–**

**(૧)** સદર કામના અરજદારે આ કામના સામાવાળા વિરૂધ્ધ કામદાર વળતર ધારો ૧૯૨૩(કે જેને હવે પછી કાયદો કહેવામાં આવશે) અન્વયે ગુજરનાર રેશમબેન ખાપરભાઈ સંગાડાનું અકસ્માત મૃત્યુ થતાં અકસ્માત વળતરની રકમ રૂા.૨,૮૧,૯૮૩/– વ્યાજ તથા પેનલ્ટી સહીત મેળવવા માટે હાલની અરજી મજુર અદાલત ગોધરા સમક્ષ દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ દાહોદ ખાતે નવીન મજુર અદાલત કાર્યરત થતાં, સદર વળતર અરજી અત્રેની મજુર અદાલત દાહોદ ખાતે તબદીલ કરેલ છે.

**(૨)** સદર કામના અરજદારની અરજી ની ટૂંકમાં હકિકત જોઈએ તો, અરજદારના ગુજરનાર પત્ની રેશમબેન સામાવાળા નં. ૧ ની સંચાલીત વનસંશોધન કેન્દ્રની નર્સરીમાં કામદાર હતા અને નર્સરી માટે કુવા પર મુકેલી મોટર રાત્રી દરમ્યાન સાચવણી અરજદારના પત્ની ગુજરનાર રેશમબેન કરતા હતા અને તા.૦૯/૦૯/૨૦૦૬ ના રોજ અરજદાર ચોકીદાર હોઈ નર્સરીના ચોકીદાર તરીકે નર્સરી ઉપર ફરજ ઉપર હતા અને અરજદારના ગુજરનાર પત્ની રેશમબેન કુવા ઉપરની મોટર સાચવવા માટે કુવા ઉપર બાંધેલ ઓરડીમાં સુતા હતા તે દરમ્યાન રાત્રીના ૨૨:૦૦ કલાકે કુવા ઉપર મુકેલી ઓરડીમાં કોઈ ઝેરી જનાવર આવેલ અને રેશમબેનને ડંખ દેતા તેણીનીએ બુમો પાડતાં અરજદાર ફરજ ઉપરથી દોડી જઈ તેઓની પત્નીને ગાંધીનગર ખાતેની સીવીલ હોસ્પીટલમાં દવા સારવાર માટે દાખલ કરેલ અને ત્યાંથી અમદાવાદ ખાતે સીવીલ હોસ્પીટલમાં તબદીલ કરવામાં આવેલ, જયાં સારવાર અરજદારના પત્ની રેશમબેનનું મોત થયેલ છે. જેથી અરજદારે સામાવાળાઓ પાસેથી ગુજરનારની અકસ્માત વળતરની રકમ રૂા.૨,૮૧,૯૮૩/– વ્યાજ તથા પેનલ્ટી સહિત વસુલ મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૩)** સદર કામે અરજદારની અરજી અન્વયે સામવાળાઓને ધોરણસરની નોટીસ કાઢવામાં આવેલ, જે અન્વયે સામાવાળાઓ તરફે આંક–૧૩ થી અરજદારની અરજી સામે લેખિત જવાબ રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત જોઈએ તો, સામાવાળાઓ ધ્વારા અરજદારની અરજીમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અરજદારની પત્ની રેશમબેન ખાપરાભાઈ સંગાડા બનાવ વખતે તેઓના કામદાર ન હતા અને આ બનાવ નોકરીના ફરજના ભાગરૂપે ડયુરીંગ ધી કોર્ષ ઓફ એમ્પ્લોયમેન્ટ બનેલ ન હોવાથી અરજદાર કોઈપણ પ્રકારનું વળતર મેળવવા કાયદેસર હકકદાર નથી તેમજ રેકર્ડની ચકાસણી કરતા તા.૦૯/૦૯/૨૦૦૬ ની અરજીમાં અરજદાર અને તેમના પત્ની રેશમબેન તેઓના ત્યાં કામ ઉપર હાજર ન હતા. આમ ગુજરનાર રેશમબેનને પોતાની ફરજ સિવાયના સમયમાં અકસ્માત થયેલો હોવાથી તે સમયને ફરજના ભાગરૂપે કોઈપણ સંજોગોમાં ગણી શકાય નહી. તેથી અરજદારની વળતર અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

**(૪)** સદર કામે અરજદાર તરફે આંક–૩ તથા આંક–૨૧ લીસ્ટથી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જેમાં ડભોડા પોલીસ સ્ટેશનની ટેલીફોન વર્ધીની ઝેરોક્ષ નકલ, ગુજરનાર કામદાર સારવાર દરમ્યાન ગુજરી ગયેલ તેની મરણોતર નોંધની ઝેરોક્ષ નકલ, ઈન્કવેસ્ટ પંચનામાની ઝેરોક્ષ નકલ, ગુનાવાળી જગ્યાના પંચનામાની ઝેરોક્ષ નકલ, ગુજરનારના ડેથ સર્ટીફિકેટની ઝેરોક્ષ નકલ, રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ, જાતિના દાખલાની ઝેરોક્ષ નકલ વિગેરે રજુ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૯ થી અરજદારનું જુબાની સ્વરૂપે સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ અરજદાર તરફથી આંક–૨૭ થી તેમનો પુરાવો બંધ જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામે સામાવાળાઓ તરફે આંક–૧૭ તથા આંક–૩૦ ના લીસ્ટથી અરજદાર તથા ગુજરનાર કામદારની હાજરી તથા પગાર અંગેની વિગત દર્શાવતુ પત્રક રજુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સામાવાળાઓ તરફે આંક–૩૧ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને ત્યારબાદ સામાવાળાઓ તરફે આંક–૩૧ થી તેમનો પુરાવો બંધ જાહેર કરેલ છે. ત્યારબાદ મજકુર કામ દલીલ ઉપર રાખવામાં આવેલ છે.

**(૫)** સદર કામે સામાવાળાના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. જયારે અરજદાર તરફે દલીલ તબકકે અરજદાર કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી તેમજ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. સદર કામમાં નામદાર અદાલતે ન્યાયનિર્ણય માટે જે મુદ્દાઓ ઉપસ્થિત કરેલ તે નીચે મુજબ છે.

**મુદ્દાઓ :–**

**(૧)** શું અરજદાર– ગુજરનાર શ્રી રેશમબેન ખાપરભાઈના કાયદેસરના આશ્રિતો અને વારસદારો છે ?

**(૨)** શું ગુજરનાર અને સામાવાળાઓ માલિક વચ્ચે નોકર–માલિકનો સબંધ હતો ?

**(૩)** ગુજરનારનું અવસાન સામાવાળાની ચાલુ નોકરી દરમ્યાન અકસ્માતે ઈજાઓ થવાથી થવા પામ્યુ છે ?

**(૪)** અકસ્માતની તારીખે ગુજરનારનો માસીક પગાર શો હતો ? તથા તેમની ઉમર/વર્ષ કેટલા હતા ?

(૫) શું અરજદારો –સામાવાળા પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે? જો હા તો કેટલી રકમ ?

(૬) શું વળતર ચુકવવા વીમા કંપની જવાબદાર થાય છે ?

(૭) અરજદારો વળતર ઉપરાંત પેનલ્ટી, વ્યાજ, ખર્ચ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર છે ?

(૮) સામાવાળા નં. ૧ અને સામાવાળા નં. ૨ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર છે કે કેમ ?

(૯) શો આખરી હુકમ ?

(૬) મારા ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં

(૪) માસીક પગાર રૂા.૨૬૦૦/– તથા ઉંમર ૨૫ વર્ષ

(૫) નકારમાં,

(૬) નકારમાં.

(૭) નકારમાં

(૮) નકારમાં

(૯) આખરી હુકમ મુજબ .

મારા ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

## –: કારણો :–

(૭) ઉપરોકત તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ અલગ અલગ ચર્ચા ન કરતા આ તમામ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

**(૮)** સદર કામમાં સામાવાળાના વિ.વ.શ્રીએ મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, અરજદારની પત્ની રેશમબેન ખાપરાભાઈ સંગાડા બનાવ વખતે તેઓના કામદાર ન હતા અને આ બનાવ નોકરીના ફરજના ભાગરૂપે ડયુરીંગ ધી કોર્ષ ઓફ એમ્પ્લોયમેન્ટ બનેલ ન હોવાથી અરજદાર કોઈપણ પ્રકારનું વળતર મેળવવા કાયદેસર હકકદાર નથી તેમજ રેકર્ડની ચકાસણી કરતા તા.૦૯/૦૯/૨૦૦૬ ની અરજીમાં અરજદાર અને તેમના પત્ની રેશમબેન તેઓના ત્યાં કામ ઉપર હાજર ન હતા તેમજ ગુજરનાર કામદારને દિવસ દરમ્યાન રોપ ઉછેર કરવાની કામગીરી સોપેલ હતી. કેસ બુક ઉપરથી ખરાઈ કરતા વન વિભાગે રાત્રી દરમ્યાન કોઈજ કમગીરી સોપવામાં આવેલ નથી અને તેઓએ જુલાઈ–૨૦૦૬ માં પોતાની મરજીથી કામ ઉપર આવવાનું બંધ કરેલ છે અને સદર બનાવ સ્પટે–૨૦૦૬ માં બનેલ છે. આમ ગુજરનાર રેશમબેનને પોતાની ફરજ સિવાયના સમયમાં અકસ્માત થયેલો હોવાથી તે સમયને ફરજના ભાગરૂપે કોઈપણ સંજોગોમાં ગણી શકાય નહી. તેથી અરજદારની વળતર અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે. જયારે દલીલના તબકકે અરજદાર તરફે કોઈ હાજર રહેલ નથી કે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

**(૯)** ઉપરોકત કામમાં સામાવાળાના વિ.વ.શ્રીઓની દલીલો તથા અરજદારની જુબાની સ્વરૂપે રજુ થયેલ સોગંદનામુ તથા અરજદાર તરફથી જે દસ્તાવેજી પુરાવાઓ તેમજ સામાવાળા સાહેદનું સોગંદનામુ તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેનો અભ્યાસ કરવો જરૂરી બની જાય છે.

**(૧૦)** સદર કામે અરજદારનું આંક–૧૯ થી જુબાની સ્વરૂપે સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓના જણાવ્યા મુજબ અરજદારના ગુજરનાર પત્ની રેશમબેન સામાવાળા નં. ૧ ની સંચાલીત વનસંશોધન કેન્દ્રની નર્સરીમાં કામદાર હતા અને નર્સરી માટે કુવા પર મુકેલી મોટર રાત્રી દરમ્યાન સાચવણી અરજદારના પત્ની ગુજરનાર રેશમબેન કરતા હતા અને તા.૦૯/૦૯/૨૦૦૬ ના રોજ અરજદાર ચોકીદાર હોઈ નર્સરીના ચોકીદાર તરીકે નર્સરી ઉપર ફરજ ઉપર હતા અને અરજદારના ગુજરનાર પત્ની રેશમબેન કુવા ઉપરની મોટર સાચવવા માટે કુવા ઉપર બાંધેલ ઓરડીમાં સુતા હતા તે દરમ્યાન રાત્રીના ૨૨:૦૦ કલાકે કુવા

ઉપર મુકેલી ઓરડીમાં કોઈ ઝેરી જનાવર આવેલ અને રેશમબેનને ડંખ દેતા તેણીનીએ બુમો પાડતાં અરજદાર ફરજ ઉપરથી દોડી જઈ તેઓની પત્નીને ગાંધીનગર ખાતેની સીવીલ હોસ્પીટલમાં દવા સારવાર માટે દાખલ કરેલ અને ત્યાંથી અમદાવાદ ખાતે સીવીલ હોસ્પીટલમાં તબદીલ કરવામાં આવેલ, જયાં સારવાર અરજદારના પત્ની રેશમબેનનું મોત થયેલ છે. જેથી આ કામના સામાવાળાઓ ગુજરનારની અકસ્માત વળતરની રકમ રૂા.૨,૮૧,૯૮૩/– વ્યાજ તથા પેનલ્ટી સહિત ચુકવી આપે તેવી રજુઆત કરેલ છે. સદર અરજદારની સામાવાળાઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓના જણાવ્યા પ્રમાણે તે વાત ખરી નથી કે, તેઓ કામ ઉપરથી છુટીને ઘરે જતા બનાવ બનેલો. તેઓએ ૨૦૦૩ થી જુલાઈ–૨૦૦૬ સુધી બાસણ નર્સરીમાં કામ કરેલ તે વાત ખરી. તે વાત ખરી નથી કે, તેઓના પત્ની સપ્ટે–૨૦૦૬ સુધીના સમયગાળામાં કામ કરેલ. તે વાત ખરી છે કે, તેઓ અને તેઓના પત્નીએ જુલાઈ–૨૦૦૬ બાસણ નર્સરીમાં કામ કરેલું. તેઓના પત્ની રેશમબેન કુવા ઉપર મોટર સાચવવાની કામગીરી કરતા હતા તેનો પુરાવો હું રજુ કરીશ. તેઓના પત્નીને કુવા ઉપર મોટર સાચવવાનો કોઈ લેખિત હુકમ આપવામાં આવેલ નહી તે વાત ખરી. નિ.૧૭/૧ થી તેઓનો તથા તેઓના પત્નીનો હાજરીનો રેકર્ડ રજુ કરેલ છે. આમ અરજદારની જુબાની જોતાં, અરજદારના પત્ની રેશમબેન તા.૦૯/૦૯/૨૦૦૬ ના રોજ સામાવાળા સંસ્થાની નર્સરીમાં કામદાર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે રાત્રીના ૨૨:૦૦ કલાકે કોઈ ઝેરી જનાવર ડંખ મારતા સારવાર દરમ્યાન અવસાન પામેલ છે. જેના અકસ્માત મૃત્ય વળતર મેળવવા માટે હાલની અરજી કરેલ છે તેમજ અરજદારે તેઓની જુબાનીમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, તેઓએ અને તેઓના પત્નીએ જુલાઈ–૨૦૦૬ સુધી બાસણ નર્સરીમાં કામ કરેલુ તેમજ નિ.૧૭/૧ થી તેઓનો તથા તેઓના પત્નીનો હાજરીનો રેકર્ડ રજુ કરેલ છે તે જોતાં, અરજદાર તથા તેઓના ગુજરનાર પત્ની સંસ્થા જુલાઈ–૨૦૦૬ સુધી કામગીરી કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

**(૧૧)** જયારે સદર કામે સામાવાળાઓ તરફે આંક–૩૧ થી સાહેદ બી.આર.સોલંકીનું જુબાની સ્વરૂપે સોગંદનામુ રજુ કરેલ છે જેમાં સદર સાહેદે જણાવેલ છે કે, અરજદારની

પત્નીએ રોજમદાર તરીકે સપ્ટે–૨૦૦૪ થી જુલાઈ–૨૦૦૬ સુધી છુટક છુટક આઠ માસ જેટલી કામગીરી કરેલ છે. અરજદારને એ હકીકત ખરી નથી કે, અરજદારના પત્ની રેશમબેન તા.૦૯/૦૯/૨૦૦૬ ના રોજ સામાવાળાની નર્સરીમાં કામદાર તરીકે કુવા ઉપર મુકેલી મોટરની જાળવણીની કામગીરી કરતા હતા ત્યારે કોઈ ઝેરી જનાવર ડંખ મારતા સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. ગુજરનારને વન વિભાગે રાત્રી દરમ્યાન કોઈ કામગીરી સોંપવામાં આવેલ નથી. ગુજરનારે જુલાઈ–૨૦૦૬સુધી સામાવાળા સંસ્થામાં કામ કરેલ હોય અને સદર બનાવ સપ્ટે–૨૦૦૬ માં બનેલ હોય આ સામાવાળાની આ બાબતે કોઈ લાગતુ વળગતુ નથી તેમજ ગુજરનાર રેશમબેને સામાવાળાની નર્સરીમાં રાત્રી રોકાણની કોઈ કામગીરી સોંપેલ નથી. સદરહુ સાહેદની અરજદાર તરફે હાજર રહી કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી કે, સદરહું હકીકતોને પડકારેલ નથી.

**(૧૨)** આમ અરજદારની જુબાની જોતાં, અરજદારના જણાવ્યા પ્રમાણે તેઓની ગુજરનાર પત્ની સામાવાળાની નર્સરીમાં કુવા ઉપરની મોટર સાચવવા માટે કુવા ઉપર બાંધેલ ઓરડીમાં સુતા હતા તે દરમ્યાન રાત્રીના કુવા ઉપર મુકેલી ઓરડીમાં કોઈ ઝેરી જનાવર આવેલ અને રેશમબેનને ડંખ દેતા ગુજરનારનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે. જયારે સામાવાળાએ તેઓના લેખિત જવાબમાં તથા તેઓના જુબાની સ્વરૂપના સોગંદનામામાં એવો બચાવ લીધેલ છે કે, અરજદારની પત્નીએ રોજમદાર તરીકે સપ્ટે–૨૦૦૪ થી જુલાઈ–૨૦૦૬ સુધી છુટક છુટક આઠ માસ જેટલી કામગીરી કરેલ છે. અરજદારને એ હકીકત ખરી નથી કે, અરજદારના પત્ની રેશમબેન તા.૦૯/૦૯/૨૦૦૬ ના રોજ સામાવાળાની નર્સરીમાં કામદાર તરીકે કુવા ઉપર મુકેલી મોટરની જાળવણીની કામગીરી કરતા હતા ત્યારે કોઈ ઝેરી જનાવર ડંખ મારતા સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. ગુજરનારને વન વિભાગે રાત્રી દરમ્યાન કોઈ કામગીરી સોંપવામાં આવેલ નથી. ગુજરનારે જુલાઈ–૨૦૦૬સુધી સામાવાળા સંસ્થામાં કામ કરેલ હોય અને સદર બનાવ સપ્ટે–૨૦૦૬ માં બનેલ હોય આ સામાવાળાની આ બાબતે કોઈ લાગતુ વળગતુ નથી તેમજ ગુજરનાર રેશમબેને સામાવાળાની નર્સરીમાં રાત્રી રોકાણની કોઈ કામગીરી સોંપેલ નથી તેમજ સદર કામે અરજદાર તરફે ગુજરનાર રેશમબેન અકસ્માત સમયે

સામાવાળાના ત્યાં નોકરી કરતા હોવા બાબતે કે મજુરી કરતા હોવા બાબતે કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી તેમજ કેસમાં આવેલ હીકકતો જોતાં, તેમજ પડેલ પુરાવો જોતાં, ગુજરનારને થયેલ અકસ્માત પોતાની કામગીરીમાંથી અને તે દરમ્યાન થયેલો ગણાય નહી તેમજ વળતર મેળવવા માટે ઈજા કે મૃત્યુ અને અકસ્માત વચ્ચે સબંધ હોવો જોઈએ અને નોકરી દરમ્યાન કામ કરેલ હોવુ જોઈએ અને જે કામ હોય તેને પરીણામે ઈજા કે મૃત્યુ થયેલ હોવુ જોઈએ. સદર કેસમાં આવેલ હકીકત જોતાં, ગુજરનારનું જે અવસાન થયેલ છે તે કામગીરી દરમ્યાન થયેલ નથી, પરંતુ ગુજરનારનું અવસાન રાત્રીના સમયે કોઈ ઝેરી જનાવરના ડંખના કારણે થયેલ છે. તેવા સંજોગોમાં ગુજરનારનું અવસાન તેઓની કામગીરી દરમ્યાન થયેલ ન હોવાના કારણે અરજદાર સામાવાળા પાસેથી વળતરની કોઈ રકમ મેળવવા હકકદાર થતાં નથી તેમજ આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૧૦ (૨) જી.એલ.એચ. પાના નં. ૭૮૨ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ફત્તુ ફકરૂ ભુરીયાનો ચુકાદ વંચાણે લેતાં, તેમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતોને હું નમ્રપણે સ્વીકાર કરૂ છું અને મારી રૂબરૂના કેસમાં ગુજરનારનું અવસાન તેઓની કામગીરીમાંથી અથવા તો તે દરમ્યાન થયેલ હોવાનું પુરવાર થતુ ન હોય અરજદાર ગુજરનારના અકસ્માત મૃત્યુ વળતરની રકમ કે અન્ય કોઈ રકમ મેળવવા હકકદાર થતા ન હોય હાલની વળતર અરજી રદ થવા પાત્ર છે, જે સબબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૮મી, માહે. ફેબ્રુઆરી, સને–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દાહોદ
તા.૨૮/૦૨/૨૦૧૭

(ઈશ્વરભાઈ જેઠાભાઈ મકવાણા)
કમિશ્નર ફોર ધી વ.કો.એકટ,
લેબર કોર્ટ, દાહોદ
Unique identification

code No. GJ00784